# નં. ૯૪ ભુમિ વિદારણનું ફળ

પરમાધામી પટકીયો, માર્યો પાશે જાય.
ઘણો પછાડી મોડીયો. માથે મુકી પાય.
મુદ્ગરના ફટકા પડયા, પુંઠે પકડયા જોર.
ફાડી તેની ચામડી; દીધાં દુઃખ અઘોર.

જ્યારે ભુમિ ખોદતો હતો ત્યારે જોર કરી-કરી ખુશી થઈ થઈ, હરિફાઈમાં હોશ ગુમાવી જોયા વગર બિચારા જીવડાઓને કાપી નાખતો. હવે તે કર્મનો વિપાક તારી સામે છે. કેમ બીક લાગે છે. શામાટે ભાગે છે. આમ પરમાધામીઓ ઉદ્બોધી તેમને મુદ્ગર વડે મારે છે.

મોટામાં મોટુ વ્રત અહિંસા છે. કોઈ જીવને ત્રાસ અથવા કિલામણા ઉપજાવવી તેથી હિંસા થાય છે તેથી તે હિંસા નિશ્ચય નરકમાં લઈ જાય છે.

—લંકાવતાર (બૌદ્ધ)

સુખ દીધા સુખ થાય છે, દુખ દીધાં દુખ હોય.
પુન્ય પાપ પ્રત્યક્ષ ફળ, તેને સહુ કોઈ જોય.

અપરાધી જીવોની પણ દયા ખાવી કારણ દયા ધર્મનું મુળ છે તો જેને ધર્મપ્રત્યે પ્રેમ છે. તેવા જીવો એ તો નિરપરાધી જીવોને કયારે પણ દુભવવા નહી

-દોહાવળી

હે માનવ! તું અન્યના પ્રાણ લેવા શામાટે ઇચ્છે છે. તું તારા આત્માનું કલ્યાણ ઇચ્છતો હોય તો ઉપયોગ અને દયાથી કામ કરજે.

—શ્રી રાજચંદ્ર



# નં. ૯૫ ધાતુ કર્મ કરનાર

અગ્નિ કરી આકરી, ધાતુ ફુંકયાં અપાર.
અગ્નિ જીવ હણ્યા ઘણા, રાત દિવસનું ભાર.
વિચાર્યું નહી માનવે, માઠાં બાંધ્યાં કર્મ
મળશે દુખ ત્યાં નરકમાં, ફાડશે તારી ચર્મ

ધાતુવાદી લોઢું, પીત્તલ, ત્રાંબુ, સોનું અને ચાંદી આદિ અનેક ધાતુઓને પીગળાવવા માટે તીવ્ર અગ્નિકાયનો સંહાર કરે છે, જીવે ઉપયોગ વગર હાલતાં ચાલતાં કીડી આદિ અનેક જીવોનો સંહાર કર્યો.

## ચુન્ની લુહાર

ચુન્ની લુહાર-જુવાન હોવાથી રાત દિવસ ધમણ લઈ અગ્નિને ધમ્યા કરે તેમાં ધાતુ તપાવી નાંખે પાણીમાં, ત્યાં અનેક પ્રકારના નાના જીવડાઓ પણ હણાય.

ચુન્ની લુહાર પોતાની ચાતુર્યતા સમજી ખુશી થાય છે. લઈ ઘણ અને લોહાદિ ઉપર મારે છે.

જીવનભર પાપનું કામ કરનારનો કયારે ને કયારે પાપનો ઘડો ફુટે જ છે.

એક દિવસ ઘણ લઈ લોઢા ઉપર મારતો હતો ત્યાં તો ઘણ છટકયો અને સીધો માથામાં પડયો તેથી ચુન્ની મરણ પામી અધોગતિ ગયો.

# નં. ૯૬ ધાતુ કર્મ કરનારની ગતિ

જઈ નરકમાં નિપજ્યા, ઉંધે માથે ચાર.
કાંટા ઉપર કાયા પડી, મસ્તક છેદ્યાં માર.
પગ પકડી પછાડતા, દેતા ખીલા માર.
પરમાધામી ત્યાં પહોંચતાં, કોણ કરે તેનો ઉધ્ધાર,

રાત દિવસ હિંસાત્મક પ્રવૃત્તિ હોવાથી ત્યાં નરકાવાસમાં પરમાધામીઓ પગ પકડી તેને ઉંધો કરી તીક્ષ્ણ કાંટા ઉપર પટકે છે. તેથી મસ્તક છેદાઇ જાય છે. રૂધિરની ધારાઓ વહે છે. ત્યાં તો ફરી શરીરને ભમાડી કાંટા ઉપર પટકે છે.

આક્રંદન કરતો જીવડો અચકાય છે. રીબાય છે. આકુળ વ્યાકુલ થાય છે. છતાં કુત કર્મો ભોગવ્યા સિવાય છુટકો નથી.

સદ્ગુરૂના ઉપદેશ વિના હિંસાદિક ભાવનાનું યથાર્થ સ્વરૂપ સમજાય નહી અને સ્વરૂપ સમજાયા વિના ઉપકાર શો થાય. જો સદ્ગુરૂ ઉપદેશથી હિંસા અહિંસાનું તાત્વિક રહસ્ય સમજે તો જ આત્મા પરિણામે જિનની દશાને પામે.

—શ્રી રાજચંદ્ર

કર્માદાન છે પાપ મુળ, ધાતુ ધ્વંશ વ્યવસાય.
અશુભયોગથી ઉપજે, રૌરવ નરકમાં જાય.

ઈંગાલકમ્મે—અગ્નિકર્મ ધાતુ ધમનારાઓ નરક ગતિમાં જાય છે.

卐



ઝાડ જંજેડનાર તથા મોટા તરૂ કાપ

## નં. ૯૭ લીલા ઝાડ ઉખેડનાર

લીલા વૃક્ષ જંજેડતા, ચંચળ સ્વભાવિ જીવ.
જુવાનીના જોશમાં, હરદમ હણ્યા જીવ.
કારણ વિણ તોડતા, રસ્તે ચાલતા જાય.
બાંધ્યાં પાપના પોટલા, ઉપડશે ન કાય.

હાલતાં, ચાલતાં અને ફરવા જતાં માર્ગમાં, ઉપવનમાં, બાગ બગીચામાં અને જંગલમાં કારણ વગર વૃક્ષોના પાનડા તોડી અને તે અનર્થરૂપ પાપકર્મનું ઉપાર્જન કરે છે.

## રસીલાના રાગમાં

રવિવાર હતો. ભાનુભાઈ રસીલા સાથે ફરવા નિકળ્યા. પાર્કમાં જઈ બન્ને બેઠા છે. રસીલાના રાગમાં વાતો કરતા જાય અને પાંદડા તોડતા જાય.

બન્ને ફરે છે. પાનડા તોડે છે. પુષ્પોને તોડી સુંથી નાખી દે છે. તેમાં સૂક્ષ્મ જીવો હણાય છે તે ન જુએ અનર્થદંડ રૂપ જીવહિંસા કરી બન્ને આનંદ માણે છે.

જુવાની ગઈ, ઘડપણ આવ્યું ત્યારે પણ બાંધેલા કર્માનુસાર પરણુતિ સુધરી નહી અને તરૂ લતાઓ આદિ તોડી પાપોદયથી તેને અધોગતિ પ્રાપ્ત કરી.

જીવે જો હિંસાનો ત્યાગ કર્યો ન હોય તો ઇંદ્રિયોનું દમન, દેવ-ગુરુની સેવા, દાન, અધ્યયન અને તપ એ તેના સર્વ નિષ્ફળ છે.

## નં. ૯૮ લીલા ઝાડ ઉખેડવાનું ફળ

જઈ નરકમાં ઉપનો. બાંધી વૃક્ષે કાય,
દીધાં મુદ્‌ગર માર ત્યાં, કંપે હાથને પાય
ભૂમિ થઈ ત્યાં રૂધિરમય, સહયાં પાપનાં ભાર.
ઉગર્યો નહી આફતે. કર્મ જ એક ધાર.

કારણ વગર લીલાં વૃક્ષોના પાનડાઓ તોડી જીવહિંસા રૂપ જે તે પાપ ભેગું કર્યું તેનું ફળ આ છે. વિકરાળ રૂપ બનાવી પરમાધામીઓ તેને વૃક્ષની સાથે બાંધી અથાગ મુદ્‌ગર વડે માર મારે છે. ત્યાંની ભૂમિ રક્તથી લાલ વર્ણની થઈ જાય છે.

અભયં સર્વસત્વેભ્યો, યો દદાતિ દયાપરઃ ।
તસ્ય દેહાદ્રિમુક્તસ્ય, ભયં નાસ્તિ કુતશ્ચન; ॥

માર્કણ્ડ પુરાણ અ. ૧૮ શ્લોક ૮

દયામાં તત્પર એવો જે મનુષ્ય સર્વ પ્રાણિયોને અભયદાન આપે છે. તે મનુષ્યને બીજા ભવોમાં કોઇથી ભય થતો નથી. એટલે કે તેનો મોક્ષ થાય છે. અથવા પરભવમાં તેને ભય રહેતો નથી.

વનસ્પતિકાયનું અનર્થ દંડરૂપ પાપકર્મ કરવું નહિ કે જેથી કર્મ બન્ધન ન થાય.

વનસ્પતિ કાયોપરિ. કર દયા મતિમાન
વ્યર્થ પાપના પંકમાં. ડુબ નહિ બુદ્ધિ માન



## નં. ૯૯ લીલા મોટા તરુ કાપનાર

કુહાડે કરી કાપીયા, લીલા મોટા ઝાડ,
વન વગડે જાતાં ઘણાં, બહુ કાપતાં ઝાડ.
જીવે દયા ન ઓળખી, કાપ્યાં લીલાં છંમ.
જીવ કાય આરંભથી, પાપ કરતો ધંમ.

નાના અને મોટા ઝાડો વડ, આમ, પિપ્પલાદિ અનેક વૃક્ષો કાપી અનેક જીવોને ત્રાસ આપનાર અધોગતિનો અધિકારી થાય છે.

## પાપ પણ ઉદય આવે છે.

પાપ છીપાયા ન છીપે, છીપે તો મોટા ભાગ;
દાબી ડુબી ન રહે, રૂઈ લપેટી આગ.

મોટુ નગર, તેમાં એક વૃક્ષ કાપનાર કામપાળ રહેતો હતો. તે દિવસમાં વગડામાં જઈ મોટા મોટા લીલા છંમ ઝાડ કાપે.

કામપાલ કુહાડો લઇ, વનમાં જઈ, માર્ગમાં રહેલા વડના ઝાડ નીચે સુતો છે. સુતો સુતો વિચાર કરે છે. કે આ વડ કાપવાથી મને ઘણા પૈસા મળશે. એમ લોભવશ થઈ આવતાં જતાં વટેમારગુને છાયાના આશ્રયભૂત વડને કામપાલ કાપવા માંડયો,

પાપ પણ ઉદય આવે છે. વડના મળમાંથી ભયંકર સર્પ નિકળ્યો અને કામપાળને હાથમાં ડંખ માર્યો તેથી રૌદ્રધ્યાને મરી અધોગતિ ગયો.

પાપ તો મોભે (ઘરના ઉપર) ચડી બો

## નં.૧૦૦ લીલા મોટા તરૂ કાપવાનું ફળ

પરમાધામી તેહને, મસ્તક છેદે ફાડ.
કુહાડે કરી કાપીયો; મુંકે મોટી રાડ.
માથે ફરસી પટકતા, દે મુદગરનો માર.
કર્મતણા કાંટા મળ્યા, મુકયા માથે ભાર.

હે જીવ તું હોશે હોશે વૃક્ષો કાપી તારી બહાદુરી સમજતો હતો. પણ હવે મનુષ્યભવમાં કરેલા કર્મોનું ફળ, નરકમાં પરમાધામી તેને કુહાડેથી કાપે છે. મુદ્દગર વડે મારે છે. અને ઉપરથી ફરસીના ફટકા મારે છે.

પ્રમાદેન યથા વિદ્યા કુશીલેન યથા ધનમ્ ।
કપટેન યથાં મૈત્રી, તથા ધર્મો ન હિંસયા ।।

હિંગુલ પ્રકરણ, શ્લોક ૨.

જેમ પ્રમાદથી વિદ્યા પ્રાપ્ત થતી નથી, કુશીલ વડે જેમ ધન મળતું નથી, જેમ કપટ વડે મિત્રાઈ થતી નથી, તેમ હિંસા વડે ધર્મ થઈ શકતો નથી. ૨

જો કદાચ પથ્થર જળમાં [ પાણી ઉપર ] તરે, જો સૂર્ય પશ્ચિમમાં ઉદય પામે, જો અગ્નિ કોઈ પણ પ્રકારે શીતળતાને પામે, અને જો કદાચ પૃથ્વીપીઠ સમગ્ર જગતની ઉપર થઈ જાય, તો પણ જીવોનો વધ જે હિંસા તે કોઈ પણ ઠેકાણે પુણ્યને ઉત્પન્ન કરતી નથી.

સિન્દુર પ્રકરણ, ૨૬

卐

નિર્લાંછન કરનાર તથા મધપાડનારની ગતિ.

